આકાશવાણી, અમદાવાદ

27-08-2025 Midday: 2.30 TO 2.35

Wednesday Regional News

## JAMNAGAR HOSPITAL AWARD

જામનગરની સરકારી ડેન્ટલ કોલેજ અને હોસ્પિટલને મોં અને દાંતના સ્વાસ્થ્યની જાગૃતિ અંગેની શ્રેષ્ઠ કામગીરી બદલ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, નવી દિલ્હી તરફથી રાષ્ટ્રીય પુરસ્કાર જાહેર કરાયો છે.

સોશિયલ મીડિયા સંદેશમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અભિનંદન પાઠવતા કહ્યું, આ હોસ્પિટલને સતત બીજા વર્ષે પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો છે. આ સન્માન માત્ર સંસ્થા માટે જ નહીં, પરંતુ સમગ્ર ગુજરાત માટે ગૌરવપૂર્ણ છે.

. . . . .

## GANESH CHATURTHI

રાજ્યભરમાં આજે ગણેશ ચતુર્થીની ભક્તિભાવ પૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ પાવન પર્વની લોકોને શુભેચ્છાઓ પાઠવી છે.

ગણપતિજીને ભારતીય સંસ્કૃતિમાં દેવતાઓમાં સૌ-પ્રથમ સ્થાન આપવામાં આવે છે. આપણી સંસ્કૃતિ મુજબ ગણપતિજી વિઘ્નહર્તા હોવાથી દરેક પ્રસંગમાં તેમની સ્થાપના પહેલા કરવામાં આવે છે.

સાબરકાંઠાના હિંમતનગરની ત્રિવેણી હાઈસ્કૂલ ખાતે ધોરણ 5 થી 10 ના બાળકો દ્વારા માટીની ભગવાન ગણેશજીની મૂર્તિઓનું નિર્માણ કરવામાં આવ્યું.

મહેસાણા જિલ્લામાં રાજમહેલ રોડ ઉપર આવેલ ગણપતિ મંદિર ખાતે ગણેશોત્સવના કાર્યક્રમ યોજાશે. મહેસાણા પોલીસ દ્વારા પરંપરાગત ગણેશજીને ગાર્ડ ઓફ ઓનર અપાયો હતો. તો ભાવનગરની નંદકુંવરબા મહિલા કોલેજ ખાતે ઈકો ફ્રેન્ડલી ગણપતિ મૂર્તિની સ્થાપના આજે સવારે કરવામાં આવી હતી.

તાપી જિલ્લાના વિવિધ મંડળોએ ગણેશજીને વાજતેગાજતે ફટાકડા તેમજ ઢોલ નગારા ડીજે ના તાલે લાવી આજે પ્રતિમાની સ્થાપના કરી. ભક્તોએ ત્યોહારને આવનાર દિવસો દરમ્યાન પૂરા ભક્તિભાવપૂર્વક બાપ્પાની સેવા કરવાની પ્રાર્થના કરી હતી.

. . . .

## PARYUSAN PARV

પર્યુષણ મહાપર્વનું આજે સમાપન થઈ રહ્યું છે. વર્ષ દરમિયાન કોઈ પણની સાથે મન દુઃખ થયું હોય તો આ સમયે અંતઃકરણપૂર્વક ક્ષમા માંગવામાં આવે છે અને ક્ષમા આપવામાં પણ આવે છે જેને મિચ્છામી દુક્કડમ કહેવામાં આવે છે, આજે વહેલી સવારથી ઉપાશ્રયમાં ખૂબ જ ભીડ જોવા મળી રહી છે.
દરેક દેરાસરોમાં ભવ્ય આંગી કરવામાં આવી રહી છે આ આઠ દિવસ દરમિયાન જે કંઈ તપ કર્યું હોય તેમણે પાંચમ અને છઠના દિવસે પારણું કરતા હોય છે. આ દિવસે સવારે વ્યાખ્યાનમાં બારસા સૂત્ર પૂજ્ય ગુરુ ભગવંતો દ્વારા વાંચન કરવામાં આવે છે.

. . . .

## TARANETAR MELO

સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢના તરણેતર મેળાનો આજે બીજો દિવસ છે. ઝાલાવાડની સંસ્કૃતિ અને પરંપરાનું પ્રતીક ગણાતા આ મેળાની શોભા વધારતી ઝાલાવાડની રંગબેરંગી છત્રીઓએ માત્ર દર્શકોનું ધ્યાન ખેંચ્યું નથી, પરંતુ અંગદાન જેવા સામાજિક કાર્યના સંદેશને પણ લોકો સુધી પહોંચાડ્યો છે.

. . . .

## DWARKA LOKMELO

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયામાં આજથી મીની તરણેતર સમાન લોકમેળો શરૂ થયો. વિધાનસભાના નાયબ દંડક જગદીશ મકવાણાએ આજે મેળો ખુલ્લો મૂક્યો.
આ ચાર દિવસીય લોકમેળામાં રાજ્યભરમાંથી લાખો લોકો મેળાની મોજ માણવા ઉમટી પડશે. લોકમેળામાં સ્વચ્છતા જાળવવા શ્રી મકવાણાએ અપીલ કરી. મેળામાં તંત્ર દ્વારા તમામ 29 રાઈડસને નિયમો મુજબ મંજૂરી અપાઈ છે.

. . . .

## ARAVALLI ACCIDENT

અરવલ્લી જિલ્લાના માલપુર નજીક હિટ એન્ડ રનની ઘટનામાં બેનાં મોત થયા છે. અમારા પ્રતિનિધિ અંકિત ચૌહાણ જણાવે છે પદયાત્રીઓનો સંઘ દાહોદથી અંબાજી જઈ રહ્યો હતો તે દરમિયાન જીતપુર પાસે એક અજાણ્યા વાહનની અડફેટે ત્રણ લોકો આવતા આ ઘટના સર્જાઈ હતી, જેમાં બેનાં ઘટનાસ્થળે મોત થયા જ્યારે અન્ય એકને ગંભીર ઈજાઓ પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયો હતો. આ ઘટનાને પગલે પોલીસે મૃતદેહોને પીએમ અર્થે ખસેડી વાહન ચાલકની તપાસ હાથ ધરી છે.

. . . . .

## GUJARAT DAM

ભારે વરસાદને કારણે રાજ્યના 99 જળાશય હાઈએલર્ટ પર છે. જ્યારે 26 જળાશયને એલર્ટ પર રખાયા છે. રાજ્યની જીવાદોરી સમાન સરદાર સરોવર બંધ 89 ટકા ભરાયો છે. છેલ્લા 24 કલાકમાં જળસપાટીમાં એક મીટરનો વધારો થયો છે. દરમિયાન અરવલ્લી જિલ્લામાં પણ માઝમ અને મેશ્વો જળાશય ઓવરફ્લો થતાં રૂલ લેવલ જાળવવા માટે પાણી છોડવામાં આવી રહ્યું છે.

. . . .

## AMUL DAIRY ELECTION

આણંદની અમૂલ ડેરીની ચૂંટણી આગામી 10મી સપ્ટેમ્બરે યોજાનાર છે ત્યારે હાલ ઉમેદવારી પત્રો ભરવાની પ્રક્રિયા ચાલી રહી છે. આજે જાહેર રજા હોવાથી આવતીકાલે અંતિમ દિવસે ઉમેદવારીપત્રો ભરવા માટે ભારે ધસારો રહેશે.

ગઈકાલે ચૂંટણીમાં ભાજપ દ્વારા વધુ આણંદ, ખંભાત, પેટલાદ, માતર સહિત 7 બેઠક પર ઉમેદવાર જાહેર કરાયા હતા.

. . . .